# કમિશનર શાળાઓની કચેરી
# વિદ્યા સમીક્ષા કેન્દ્ર, બીજો માળ, સેક્ટર-૧૯
# ગુ.રા., ગાંધીનગર-૩૮૨૦૨૧

ક્રમાંક: COS/RCT/e-file/276/2024/0037/SECONDARY

**પ્રતિ,**

જિલ્લા શિક્ષણાધિકારી,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,

તમામ

**વિષય :** 'જ્ઞાન સહાયક' યોજના અંતર્ગત સરકારી તથા બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જ્ઞાનસહાયકોના કરાર રિન્યુ કરવા બાબત.

**સંદર્ભ : 1.** અત્રેની કચેરીના પત્રક્રમાંક: ઘ/માધ્ય/અનદ-૧/૨૦૨૩/૧૯૬૦૫-૩૯ તા.૨૭/૧૦/૨૦૨૩

2. અત્રેની કચેરીના પત્રક્રમાંક: ઘ/માધ્ય/અનદ-૧/૨૦૨૪/૧૩૬૨-૯૫ તા.૩૧/૦૧/૨૦૨૪

3. અત્રેની કચેરીના પત્રક્રમાંક: COS/૦૦૭૦/૦૧/૨૦૨૪ તા.૦૬/૦૧/૨૦૨૪

4. અત્રેની કચેરીના પત્રક્રમાંક: COS/૦૩૩૪/૦૨/૨૦૨૪ તા.૧૯/૦૨/૨૦૨૪

5. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ-૧૦૧૪-૧૪૦-ગ(પા.ફા.) તા.૧૦/૦૭/૨૦૨૩

6. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના પત્ર ક્રમાંક : મઉમશબ/સંશોધન/૨૦૨૪/૧૪૫૪-૯૩ તા.૨૯/૦૪/૨૦૨૪

7. અત્રેની કચેરીના પત્રક્રમાંક: COS/૦૩૬૪/૦૪/૨૦૨૪ તા. ૦૧/૦૫/૨૦૨૪

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, 'જ્ઞાન સહાયક' યોજના અંતર્ગત વર્ષ-૨૦૨૩-૨૪ થી સંદર્ભ-૧ અને સંદર્ભ-૨ અન્વયે સરકારી તથા બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં તેમજ સંદર્ભ-૩ અને સંદર્ભ-૪ અન્વયે સરકારી તથા બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નિમણૂક મેળવેલ જ્ઞાનસહાયકોનો કરાર તા.૦૪/૦૫/૨૦૨૪ સુધી કરવા સુચના આપવામાં આવેલ હતી. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સંદર્ભ-૬ના પત્રથી રાજ્યની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે ઉનાળુ વેકેશનની તારીખમાં ફેરફાર કરી તા.૦૯/૦૫/૨૦૨૪ થી તા.૧૨/૬/૨૦૨૪ સુધી જાહેર કરવામાં આવતાં સંદર્ભ-૭ થી જ્ઞાનસહાયકોના કરારનો સમયગાળો તા.૦૮/૦૫/૨૦૨૪ સુધી લંબાવવા સૂચના આપેલ.

આગામી સમયમાં જ્ઞાનસહાયકોના કરારની મુદત પૂર્ણ થઇ રહેલ હોઇ સંદર્ભ-૫થી નિયત થયેલ જોગવાઇઓ અનુસાર જ્ઞાનસહાયકની કામગીરીની સમીક્ષા બાદ કરાર રિન્યુ કરવા સંદર્ભે આપના તાબા હેઠળની સરકારી તથા બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને આપની કક્ષાએથી જરૂરી સૂચનાઓ કરવા સદર પત્રથી જણાવવામાં આવે છે.

સરકારી અને બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં દ્વિતીય સત્ર શરૂ થયેથી વિદ્યાર્થીઓનું શૈક્ષણિક કાર્ય સૂચારુરૂપે ચાલી શકે અને નવું સત્ર શરૂ થયેથી વેકેશન ખુલ્યાના પ્રથમ દિવસથી જ

જ્ઞાન સહાયક ઉપલબ્ધ થઈ શકે તે હેતુસર ૧૧ માસના સમયગાળા સુધી જ્ઞાનસહાયકોના કરાર રીન્યુ કરવા અંગેની કામગીરી હાથ ધરવાની રહેશે.

**માનદવેતન અને કામગીરીની સમીક્ષા**

જ્ઞાનસહાયકોને માનદવેતનની સમયસર ચૂકવણી અર્થે બીજા સત્રના અંત સુધીની ગ્રાન્ટ સમગ્ર શિક્ષા, ગાંધીનગર દ્વારા તમામ જિલ્લાઓને ફાળવી આપવામાં આવેલ છે. જે અન્વયે આપના જિલ્લામાં નિમણૂક મેળવેલ જ્ઞાનસહાયકોને તેમણે બજાવેલ ફરજના દિવસો અનુસાર ચૂકવવાપાત્ર માનદવેતન ૧૫ મે, ૨૦૨૪ સુધીમાં ચૂકવાઈ જાય અને જ્ઞાનસહાયક કરાર પૂર્ણ થતા સુધીમાં SMDC/શાળા સંચાલક મંડળ દ્વારા તેઓએ કરેલ કામગીરીની સમીક્ષા પૂર્ણ થાય તે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ સુનિશ્ચિત કરવાનું રહેશે. જ્ઞાન સહાયકોને માનદવેતનની ચૂકવણી તેઓના બેંક ખાતામાં જ કરવાની રહેશે. જ્ઞાન સહાયકોને માનદવેતનની ચૂકવણી કર્યા બાદ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ બિડાણમાં સામેલ **નિયત પત્રક(Excel sheet)** માં વિગતો ભરી નીચે મુજબના **પ્રમાણપત્ર** સહિત અત્રેની કચેરીને તા.૨૦/૦૫/૨૦૨૪ સુધીમાં મોકલી આપવાનું રહેશે.

**પ્રમાણપત્ર**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ……… જિલ્લામાં કાર્યરત તમામ જ્ઞાનસહાયકોના માનદવેતનની ચૂકવણી કરી દેવામાં આવેલ છે અને આજની તારીખે કોઈપણ જ્ઞાનસહાયકોને ચૂકવવાપાત્ર રકમ બાકી રહેતી નથી.

તારીખ: જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની સહી

શિક્ષણ વિભાગના સંદર્ભ-૫ થી થયેલ ઠરાવમાં જણાવ્યા અનુસાર જ્ઞાનસહાયકોનો કરાર પૂર્ણ થયા બાદ સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં SMDC અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શાળા સંચાલક મંડળ દ્વારા તેઓએ કરેલ કામગીરીની સમીક્ષા કરવાની જોગવાઈ થયેલ છે. જે મુજબ SMDC/શાળા સંચાલક મંડળે કરેલ સમીક્ષા બાદ જ્ઞાનસહાયકની કામગીરી સંતોષકારક જણાય તો તે બદલનું પ્રમાણપત્ર જ્ઞાનસહાયકને આપવાનું રહેશે.

**કરાર રિન્યુ**

રાજ્યની સરકારી તથા બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તા.૦૮/૦૫/૨૦૨૪ના રોજ જ્ઞાન સહાયકોનો કરાર સમાપ્ત થનાર છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સંદર્ભ-૬ના પત્રથી રાજ્યની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે તા.૦૯/૦૫/૨૦૨૪ થી તા.૧૨/૬/૨૦૨૪ સુધી ઉનાળુ વેકેશન જાહેર કરવામાં આવેલ હોઈ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે વેકેશન પૂર્ણ થયા બાદ શાળાઓનું નવું સત્ર શરૂ થયાના પ્રથમ દિવસથી ૧૧ માસના સમયગાળા સુધી જ્ઞાનસહાયકોના કરાર રીન્યુ કરવા માટે નીચે આપેલ સૂચનાઓ ધ્યાને લઈ કાર્યવાહી હાથ ધરવા જણાવવામાં આવે છે.

**સૂચનાઓ :**

1. સંતોષકારક કામગીરીનું પ્રમાણપત્ર મેળવેલ જ્ઞાનસહાયક સંબંધિત SMDC/શાળા સંચાલક મંડળને નવેસરથી અરજી કરી શકશે.
2. SMDC/શાળા સંચાલક મંડળ જ્ઞાનસહાયકની અરજી અને સમીક્ષાના અંતે મેળવેલ સંતોષકારક કામગીરીના પ્રમાણપત્રને આધારે જરૂર જણાયેથી સંબંધિત જ્ઞાનસહાયકનો નવો કરાર તા.૧૩/૦૬/૨૦૨૪ થી ૧૧(અગિયાર) માસ (વેકેશન સિવાય) માટે કરી શકશે.
3. જ્ઞાનસહાયક જે શાળામાં નિમણૂક થયેલ છે તે જ શાળા માટે નવો કરાર કરી શકાશે. અત્રેની કચેરીની પૂર્વ મંજૂરી વિના કોઈ પણ સંજોગોમાં જ્ઞાનસહાયકની શાળા ફેરબદલી કરી શકાશે નહી.
4. જ્ઞાનસહાયકોને કરાર દરમિયાન વેકેશનના દિવસોનું માનદવેતન મળવાપાત્ર રહેશે નહીં અને અગિયાર માસનો સમય પૂર્ણ થતાં કરાર આપોઆપ રદ થયેલ ગણાશે.

5. કરાર રીન્યુ કરેલ જ્ઞાનસહાયક શાળામાં નવા સત્રથી હાજર થાય કે તુરત જ સંચાલક મંડળ/આચાર્યએ જિલ્લા શિક્ષણાધિકારીને જાણ કરવાની રહેશે.
6. જિલ્લા શિક્ષણાધિકારીએ કરાર રિન્યુ થયેલ હોય તે જ્ઞાનસહાયકોની સંખ્યા ગ્રાન્ટ ફાળવણી અર્થે અને રિન્યુઅલ બાદ ખાલી રહેતી માધ્યમવાર, શાળાવાર અને વિષયવાર જગ્યાઓની યાદી તૈયાર કરી અત્રે gsssc23pri@gmail.com પર Excel તેમજ પ્રમાણિત નકલ અત્રેની કચેરીને તા.૨૦/૦૬/૨૦૨૪ સુધીમાં મોકલી આપવાની રહેશે.
7. અન્ય માર્ગદર્શક સૂચનાઓ માટે શિક્ષણ વિભાગનાં તા. ૧૦/૦૭/૨૦૨૩નાં ઠરાવની શરતો ધ્યાને લેવાની રહેશે.

માન. નિયામકશ્રીના નોંધ પર મળેલ આદેશ અન્વયે.

બિડાણ: પત્રક (Excel Sheet)

આપનો વિશ્વાસુ,

મદદનીશ શિક્ષણ નિયામક

ભરતી

ગુ.રા., ગાંધીનગર

Signature Not Verified
Signed by:MEHTA TUSHARKUMAR K.
Assistant Director
Date: 2024.05.03 16:30:47 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign